જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૪/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૨ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૯ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૩૮ વ્યક્તિઓની અટકાયત કરી રૂપિયા ૯૭,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૦૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૦૧/૧૭

ક્રાઇમબ્રાન્ચ : મીતાબહેન વા/ઓ હેમંતભાઇ માંકડ (ઉ.વ.૫૮)(રહે.સુમેરૂ બંગલોઝ સારથી હોટલની બાજુમાં બોડકદેવ વસ્ત્રાપુર રોડ) એ તા.૩/૪/૧૭ નારોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુલાઇ/૨૦૧૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ગીતાંજલી જવેલર્સ વતી M/S DIVYANIRMAN JEWELS (દુકાન નં.૬, ઇસ્કોન સેન્ટર, શીવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ અમદાવાદ) ખાતે ફ્રેન્ચાઇસીઝ ધરાવતા દિગ્વીજયસિંહ જાડેજા (૨) ગીતાંજલી ગૃપ (લક્ષ્મી ટાવર્સ ઓફીસ નં.A/1 એ વીંગ બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ મુંબઇ) (૩) શ્રી મેહુલ ચીનુભાઇ ચોકસી (મેનેજીંગ ડાયરેકટર ગીતાંજલી ગ્રુપ (ગોકુલ એપાર્ટમેન્ટ વાઇટ હાઉસ પાસે વાલકેશ્વર મુંબઇ) (૪) શ્રી અનીયાથ શીવરમન નાયર (ડાયરેકટર ગીતાંજલી ગૃપ (લક્ષ્મી ટાવર્સ ઓફીસ નં.A/1 એ વીંગ બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ મુંબઇ) અને (૫) શ્રીમતી ચેતના જયંતીલાલ ઝવેરી (ડાયરેકટર ગીતાંજલી ગૃપ ૧૯૮/૩ ગુજરાત હાઉસીંગ સોસાયટી સિઓન (વેસ્ટ)મુંબઇ) નાઓએ ભેગામળી મીતાબહેનને વિશ્વાસમાં લઇ, Diamond Saving Scheme અને Gold Saving Scheme નામની લોભામણી સ્કીમમાં નાણાકીય લાભ થશે તેમ જણાવી રોકાણ કરવા લાલચ આપી, સ્કીમમાં રોકાણ કરાવી, સ્કીમની મુદત પહેલા સ્કીમ બંધ કરી, સ્કીમ મુજબ ગોલ્ડ કોઇન કે ભરેલ નાણા રૂપીયા ૯૦,૦૦૦/- મીતાબહેનને પરત નહી આપી, મીતાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાડેજા, ક્રાઇમબ્રાન્ચ નાઓ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરીઃ</u>** **<u>સમાચાર યાદી નં.૭૦૨/૧૭</u>**

એલીસબ્રીજ : ભક્તિબેન તેજશભાઇ ચોટાઇ (રહે,આશિર્વાદ એપાર્ટમેંન્ટ, મહાકાંત કોમ્પલેક્ષની બાજુમાં વા.સા.હોસ્પીટલ સામે એલીસબ્રીજ) એ તા.૩/૪/૧૭ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૪/૧૭ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન એલીસબ્રીજ ડોકટર હાઉસની સામે પ્રેરણા આર્કેડ હેલ્દી ફયુરર ક્લીનીક નામનાં પોતાના દવાખાનાંમાં મુકેલ પર્સ કે જેમાં બે ચાંદીની વિંટી અને રોકડ રૂપિયા ૧૩,૦૦૦/-, લાઇસન્સ તથા લોકરની ચાવી હતી તે પર્સની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એસ.કંડોરીયા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૦૩/૧૭</u>**

**વાડજ** : ધનગોરીબહેન પરસોતમભાઇ વાઘેલા (ઉ.વ.૬૩)(રહે,તારંગાહીલ સોસાયટી, નિર્ણયનગર) તા.૨૭/૩/૧૭ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે નિર્ણયનગર સેક્ટર-૫ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો(૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) ધનગોરીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધનગોરીબહેન વાઘેલાએ તા.૩/૪/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**નિકોલ** : શીતલબહેન રણછોડભાઇ અગ્રવાલ (ઉ.વ.૩૦)(રહે,મયુરપાર્ક સોસાયટી ખોડીયારનગર) તા.૩/૪/૧૭ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે ખોડીયાર મંદિર શાક માર્કેટ સર્વીસ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) શીતલબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શીતલબહેન અગ્રવાલ એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ મોતીસિંહ ચલાવે છે.

**મણિનગર** : પ્રેમિલાબહેન વા/ઓ જગદીશભાઈ ગવંડર (ઉ.વ.૩૯)(રહે,આર.એચ.રાજપુર-હિરપુર રેલ્વે કોલોની, મણિનગર) તા.૩/૪/૧૭ ના કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે મણિનગર ભાલકિયા ત્રણ રસ્તા પાસે આવેલ ગેરેજની સામેથી જાહેર રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો (૨૨ થી ૨૫ વર્ષના આશરાનાં) પ્રેમિલાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રેમિલાબહેન ગવંડરે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.તેજોત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરીઃ** **સમાચાર યાદી નં.૭૦૪/૧૭**

સોલા હાઈકોર્ટઃ દર્શનકુમાર કિરીટભાઇ ભોજાણી (રહે,રત્નદિપ એપાર્ટમેંટ ન્યુ શારદા મંદિર રોડ પાલડી) એ તા.૩/૪/૧૭ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૪/૧૭ રાતનાં ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન હોટપ્લેટ રેસ્ટોરેન્ટનાં પાર્કિંગમાં પોતાની હોંડા સીટી કાર નંબર જીજે-૬-એ.એચ-૬૦૭૯ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૦૫/૧૭**

**સરદારનગરઃ** લક્ષ્મીબેન વા/ઓ રામાભાઇ રાઠોડ (રહે,ભીલવાસ સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૪/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સરણીયા વાસ આગળ દયાલબાગ સોસાયટીના ગેટ આગળથી પોતાનો દિકરો સુરેશ (ઉ.વ.૧૮) મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યો હતો દરમ્યાન અજાણ્યા કાર ચાલકે પુરઝડપે અને બેદરકારીથી કાર ચલાવી લાવી, સુરેશને ટક્કર મારતા, સુરેશને શરીરે ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૦૬/૧૭**

**ઘાટલોડીયા : (૧)** કૃણાલ પરસોત્તમભાઇ વછેટા (ઉ.વ.૨૨)(રહે, રામકૃષ્ણનગર આરતી ટેનામેન્ટની સામે સ્વામીનારાયણ મંદિરની પાસે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૩/૪/૧૭ ના કલાક ૦૦/૩૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં કપડુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સવજીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**ઘાટલોડીયા : (૨)** રૂપેશ અચલાજી સુથાર (ઉ.વ.૨૪)(રહે,બાપુકૃપા ફ્લેટ, સુભાષ ચોક, શ્રીજી ડેરી પાસે, ગુરૂકુળ રોડ, મેમનગર) એ અગમ્ય કારણસર તા.૩/૪/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

**બાપુનગર** : અમિતભાઇ પ્રવિણભાઇ ચૌહાણ (ઉ.વ.૨૯)(રહે. શિવમફ્લેટ આનંદ ફ્લેટ પાસે બાપુનગર) **એ કોઇ અગમ્ય કારણસર** તા.૨/૪/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગોવિંદભાઇ જીવાજી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રામોલ** : ક્રીગ્નમાનાયડુ જયપ્રકાશનારાયણ પુટા (ઉ.વ.૩૨)(રહે,મહાદેવ રેસીડેન્સી-૨, દુનસ્કુલની બાજુમા ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૩/૪/૧૭ ના કલાક ૧૦/૫૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખુભાઈ ભલાભાઈ ચલાવે છે.

**વટવા** : સલમાબાનું ડો/ઓ સુલતાનભાઈ શેખ (ઉ.વ.૧૮)(રહે,વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા વટવા) નાઓનો દીકરો એક વર્ષ પહેલા મરણ ગયેલ હતો જેનો મનમાં આઘાત લગતા એક વર્ષથી મગજથી અપસેટ હતી. જેણે તા.૨/૪/૧૭ રાતનાં ૧૧/૩૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ત્રીજા માળેથી નીચે પડતું મૂકતા, માથામાં તથા બંને પગે સાથળના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લાવતા ફરજ પરના ડો.શ્રી એ તા.૩/૦૪/૧૭ ના કલાક ૧/૩૦ વાગે મૃત જાહેર કરેલ છે. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ભટ્ટ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)